# આર.ટી.આઈ. અધિનિયમ –૨૦૦૫ ની
# કલમ –૪ (૧) બી (૧) થી (૧૭) મુજબની
# લાઈટ અને એનર્જી એફીસીયન્સીસેલની માહિતી.
# કલમ– ૪(૧)બી(૧)
# સંસ્થાના વ્યવસ્થા તંત્ર, કાર્યો, ફરજોની વિગતો : –

## સ્ટ્રીટલાઈટ ખાતુ (HQ):–

- સુરત શહેરના નાગરીકોની સુવિધા માટે શહેરના હદ વિસ્તારમાં આવેલ ૪૫ મીટર થી વધુ પહોળાઈના રસ્તાઓ પર,મોટા જંકશનો પર સ્ટ્રીટલાઈટ પોલ અને હાઈમાસ્ટ ટાવર ઉભા કરવાની કરવાની કામગીરી કરવી.
- સ્ટ્રીટલાઈટ સિસ્ટમ સ્થાપિત કરવાના કેપિટલ કામોના યુનિટ રેટ તથા સ્ટ્રીટલાઈટ સિસ્ટમના મરામત અને નિભાવની કામગીરીના ટેન્ડરીંગ થી વર્ક ઓર્ડર આપવા સુધીની વહીવટી કામગીરી કરવી.
- અત્રેના ખાતાના કામોના પ્રોજેકટમાં કન્સલ્ટન્ટ તેમજ થર્ડ પાર્ટી ઈન્સપેકશન એજન્સીની નિમણૂક કરવી તેમજ તેઓ પાસેથી કામગીરી કરાવવી.
- તમામ ઝોનના સ્ટ્રીટલાઈટ સુવિધાને લગતી કામગીરીઓનું સંકલન કરવું.
- સુરત મહાનગરપાલિકાની સ્ટ્રીટલાઈટ અંગેની ગાઈડલાઈન બનાવવી તેની સક્ષમ સતાની મજુંરી મેળવી અને તે પ્રમાણે કામગીરી કરાવવા તમામ ઝોનને જણાવવું.
- સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન/વિભાગો માટે ડીઝલ જનરેટર સેટ/ટેમ્પરરી લાઈટીંગ/સાઉન્ડ સીસ્ટમ અને વિડિયો સીસ્ટમ ભાડેથી લેવા માટેના યુનીટ રેટ મજુંર કરાવી આપવાની કામગીરી.
- DGVCL, TORRENT POWER તેમજ GETCO સાથે સંકલન કરવાની કામગીરી કરવામાં આવે છે.

## એનર્જી એફીસીયન્સીસેલ:–

- વધુ વીજ વપરાશ ધરાવતી સર્વિસોનું ઈન્ટરનલ એનર્જી ઓડીટ કરવું તેમજ પ્રવર્તમાન રૂલ્સ મુજબ એક્ષ્ટરનલ એજન્સી પાસે વિવિધ વીજ કનેકશનોનું એનર્જી ઓડીટ કરાવવું.
- સુરત મહાનગરપાલિકાના એચટી તથા વધુ વીજ વપરાશ ધરાવતી એલટી સર્વિસો માટે વિન્ડપાવર પ્લાન્ટ તથા સોલાર ફોટોવોલ્ટેઈક બેઝડ પાવર પ્લાન્ટ સ્થાપિત કરાવી તેના મરામત અને નિભાવની કામગીરી કરવી.
- વિન્ડ પાવર પ્લાન્ટ તથા સોલાર પાવર પ્લાન્ટ થકી થતાં વીજ ઉત્પાદન, બચત/ આવક તથા સંલગ્ન બાબતોનું એનાલિસિસ કરવા તથા રેકર્ડ રાખવો.
- ઉર્જા બચત તથા રીન્યુએબલ એનર્જીના ઉપયોગ અંગે પબ્લિક અવેરનેસની કામગીરી કરાવવી.
- એનર્જી એફીસીયન્ટ ઉપકરણોનો વપરાશ વધુ હોઈ તેવી ફાઈલોનું અંદાજ મંજૂરી વખતે કામગીરીની ફાઈલની સ્ક્રુટીની કરવી.
- એનર્જી એફીસીયન્ટ ઉપકરણોનો વપરાશ અંગેની ગાઈડલાઈન, પોલિસી તૈયાર કરવી.
- ઈલેકટ્રીસીટી ટેરીફ અંગે ગુજરાત વીજ નિયમન પંચ તથા એપ્લેટ ઓથોરોટી સમક્ષ સુરત મહાનગરપાલિકા વતી રજુઆત કરવી.
- સુરત મહાનગરપાલિકાનાં વધારે વપરાશ ધરાવતા બીલ સર્વિસોનું એનર્જી બીલોનું મોનીટરીંગ કરવું.

## ઈલેકટ્રીકલ વ્હીકલ ચાર્જીંગ સ્ટેશન:–

- સુરત શહેરને પ્રદુષણ મુકત જાહેર પરીવહનની સુવિધા ઉપલબ્ધ કરવાના કામ અંતર્ગત સુરત શહેરનાં જુદા જુદા લોકેશનો ખાતે ઈલેકટ્રીક વ્હીકલ માટેફાસ્ટ પબ્લિક ચાર્જીંગ સ્ટેશન સ્થાપિત કરી કાર્યરત કરવાની કામગીરી કરવી.
- પબ્લિક ચાર્જીંગ સ્ટેશનના મરામત અને નિભાવની કામગીરી કરવી.

જાહેર માહિતી અધિકારી
અને
ડેપ્યુટી ઈજનેર(ઈલે.)
લાઈટ એન્ડ એનર્જી.એફી.સેલ